Extra No. 446

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] FRIDAY, DECEMBER 19, 2025 / AGRAHAYANA 28, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબનો**

નં.પીઓએલ(૧)/વશી/૭૧૩૦ - ૭૧૭૧/૨૦૨૫ (૧) તા.૦૩/૧૨/૨૫ થી તા.૦૪/૧૨/૨૫ દરમ્યાન માગશર સુદ પૂનમ નિમિત્તે ફાગવેલ ભાથીજી મહારાજ મંદિર ખાતે ઘોડા પૂનમ ઉજવણી, (૨) તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ માગશર સુદ પૂનમ નિમિત્તે ડાકોર શ્રી રણછોડરાયજી મંદિર ખાતે ધાર્મિક લોકમેળા, વડતાલ શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે ધાર્મિક લોકમેળા, અને નડીયાદ શ્રી સંતરામ મંદિર ખાતે ધાર્મીક લોકમેળા, (૩) તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ નાતાલ તહેવાર ઉજવણી, (૪) તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રિના ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી તથા અન્ય અગત્યના આકસ્મિક બંદોબસ્ત તથા વીઆઈપીશ્રી અને મહાનુભાવશ્રી નાઓના ખેડા જિલ્લા હદ વિસ્તારના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવણીમાં સરળતા રહે તે માટે તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના તેના આગોતરાં પગલાં રૂપે ઈ/ચા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તા.૨૯/૧૧/૨૦૨૫ ના સમય દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને પત્ર ક્રમાંક:એલઆઈબી/હથિયાર જાહેરનામું/૧૨/૧૪૨૯/૨૦૨૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા કોઈપણ જાતના ચપ્પુ (અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા) સાથે રાખી ફરવાની અને તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

2) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

3) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

4) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

5) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

**વિસ્તાર:-** સમગ્ર ખેડા જિલ્લો

**અપવાદ:-** આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

1) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

2) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

**શિક્ષા:-**

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ, તા.૨૯મી નવેમ્બર,૨૦૨૫

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.17 15:07:32 IST